॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

# સમાધાનની અંજલિ

શ્રમણાદિ દ્વારા
પૂછાયેલ પ્રશ્નો
અને તેના ઉત્તરો

**પ્રિયમ્**

**अहो श्रुतम्**
બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

**પ્ર.૧ વહોરાવવા માટે બધો જ કેરીનો રસ આપવા દૂધ, ફ્રીઝ માં ન મૂકે અને બહાર રાખી મૂકે તો શું સ્થાપના દોષ લાગે ? કે પછી અલગ વિભાગ કરીને જુદુ રાખી મૂકે તો જ લાગે ? એવી જ રીતે રોટલી કોરી રાખી મૂકે તો પણ શું દોષ લાગે ?**

**મહાત્મા આવવાના જ છે એવું નક્કી નથી. પણ આ તો કદાચ મહાત્મા પધારે અને તેઓશ્રીને ખપ હોય તો લાભ મળી જાય આ હેતુથી આવું થતું હોય છે. તો આમાં દોષ સમજવો કે નહિ ?**

**ઉત્તર :** ફ્રીઝ એ તેઉકાય-અપ્કાયનો સંઘટ્ટો છે. જેનાથી અનેષણા થાય છે, સુપાત્રદાનવિધિને સમજીને શ્રાવક વનસ્પતિકાય વગેરેના સંઘટ્ટાનો પરિહાર કરે, એનાથી જેમ દોષ ન લાગે, તેમ ફ્રીઝના પરિહારમાં પણ દોષ જણાતો નથી. સ્થાપનાદોષનો વિષય આનાથી જુદો પડે છે. થોડું ફ્રીજમાં ને થોડું વહોરાવવા માટે બહાર - એમાં સ્થાપનાદોષ લાગે છે. બધુ બહાર રાખે, તેમાં વહોરાવવાનો ભાવ હોવા છતાં શ્રમણ માટે કર્યું, (બનાવ્યું) કરાવ્યું. અનુમોદ્યું ન હોવાથી દોષ નથી. **અષ્ટક પ્રકરણ**માં પૂ.હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે.

**विभिन्नं देयमाश्रित्य स्वभोग्याद्यत्र वस्तुनि ।**
**सङ्कल्पनं क्रियाकाले तद्दुष्टं विषयोऽनयोः ॥६-६॥**

**स्वोचिते तु तदारम्भे, तथा सङ्कल्पनं क्वचित् ।**
**न दुष्टं शुभभावत्वात्तच्छुद्धापरोयगवत् ॥६-७॥**

પોતાને ઉપયોગી આહારાદિથી અલગ આહારાદિને ઉદ્દેશીને રસોઈ કરતી વખતે વિચારાય કે આટલું સ્વજનો માટે, આટલું યાચકો માટે, તો તે આહારાદિ દોષિત છે. યાવદર્થિક + પુણ્યાર્થિક વિદ્ધિ ભોજનનો એ વિષય બને છે.

પણ પોતાના માટે જ બનાવ્યું હોય, તેમાં વહોરાવવાનો ભાવ આવે, તો તે દોષરૂપ નથી, પણ શુભભાવરૂપ છે. મુનિવંદન વગેરેની જેમ આ વસ્તુ પણ સમજવા યોગ્ય છે.

ઉપરોક્ત વાત ઉદ્દેશિક-મિશ્ર-પૂતિ વગેરેના સંદર્ભમાં છે. તે પ્રસ્તુત સંદર્ભમાં પણ ઉપયોગી છે.

કોરી રોટલીની બાબતમાં પ્રાયઃ બનાવતી વખતે જ વહોરાવવાનો આશય હોય છે. તેથી પૂ. ગચ્છાધિપતિશ્રીએ અમુક પૂજ્યોના સવાલના જવાબમાં 'તે આધાકર્મિક છે' તેમ જણાવેલ હતું. 'કદાચ મહાત્મા પધારે તો લાભ મળે' - આવા આશયથી બનાવેલ પણ આધાકર્મિક જ જણાય છે.

**પ્ર.૨ પૂતિ દોષ અંગે શું સમજવું ? માત્ર ગૃહસ્થજન્ય જ છે કે પછી સાધુજન્ય પણ ?**

**કેમકે એક બાજુ આને ઉદ્‌ગમનો દોષ કીધો છે. માટે આ ગૃહસ્થજન્ય થયો. વળી બીજી બાજુ પિંડવિશુદ્ધિ અને પિંડનિર્યુક્તિ બંનેમાં જણાવ્યું છે કે 'જે પાત્રમાં અવિશોધિકોટી દોષથી દુષ્ટ એવું દ્રવ્ય આવ્યું હોય અને તેને પાણીમાં ત્રિ-કલ્પ ન કર્યા હોય તો તે પાત્રમાં વહોરેલી શુદ્ધ પણ વસ્તુ પૂતિ દોષ દુષ્ટ બને.' તો આમાં તો ગૃહસ્થ ક્યાંય વચ્ચે આવતા જ નથી. સાધુએ ત્રિ-કલ્પ કર્યો હોત તો પૂતિ ન લાગત. ત્રિકલ્પ ન કર્યા તો પૂતિ લાગ્યો. તો આમ, આ દોષ સાધુજન્ય પણ બની ગયો. હા, વળી પિંડવિશુદ્ધિ ગાથા-૫૪ ની ટીકામાં પાત્ર નો અર્થ 'સાધુભાજનમ્' એમ કર્યો છે. માટે અહીં ગૃહસ્થનું પાત્ર પણ સમજી શકાય તેમ નથી. તો શું સમજવું ?**

ઉત્તર : સાધુ દ્વારા લાગેલ પૂતિદોષ પણ પરંપરાએ ગૃહસ્થ દ્વારા થયેલ હોય છે. તેથી એ અપેક્ષાએ એને ઉદ્‌ગમદોષ માનવામાં વાંધો જણાતો નથી. બીજી વાત-બેતાલીશ દોષો સ્થૂલથી છે. તેમના અવાંતર ઘણા ભેદો પડે છે. તે રીતે પાત્રામાં શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યના મિશ્રણાદીથી થયેલ દોષો સમજવા યોગ્ય છે.

**પ્ર.૩** વળી જે પાણીથી ત્રિ-કલ્પ કરીએ છીએ તે પાણી પણ આધાકર્મી જ હોય તો પછી શું તમામ દ્રવ્યો હંમેશા પૂતિ જ રહે ? (આ

અંગે પિંડવિશુદ્ધિ ગાથા-૫૪ અને પિંડનિર્યુક્તિ ગાથા - ૩૯૪ માં વિચારણા કરેલી છે.)

ઉત્તર : આધાકર્મી પાણીથી ત્રિકલ્પ કરતા પૂતિ રહે, એવું જણાય છે. છતાં તે અશક્યપરિહાર જેવો દોષ હોવાથી ક્ષમ્ય જણાય છે. એ પાણીથી પણ ત્રિકલ્પ કરવો, જેથી પરિણામની રક્ષા થાય- આધાકર્મીની જુગુપ્સાનો ભાવ ટકે. પણ આજ્ઞાપાલન થાય - એવું લાગે છે.

**પ્ર.૪ નિર્દોષ આયંબિલની ભાવનાવાળા રોટલી અને પાણી કે ભાત અને પાણીથી આયંબિલ કરતાં હોય તો તેઓ પણ શું પૂતિદોષના ભાગી બને ? કેમ કે પાણી તો આધાકર્મી જ છે. આમ, તો પછી દાળની સ્થાપના કરાવી દેવી તે સારું કહેવાય ને ? નાના દોષમાં પતી જાય.**

ઉત્તર : વર્તમાનમાં પાણીનો દોષ પિંડવિશુદ્ધિના વિષયમાં ઘણી સમસ્યાઓ સર્જે છે. અમુક પૂજ્યો ગોચરી સાથે નિર્દોષ પાણી વાપરે છે. (શેષ દિવસમાં દોષિત વાપરે છે.) આ શક્ય ન હોય, તો અશક્યપરિહાર ગણીને તેની આલોચના લેવા સાથે શેષ આહારાદિ બાબતોમાં અણિશુદ્ધ પાલનનો પ્રયાસ કરવો જોઈએ.

અન્યથા દોષિત પાણીથી ગોચરી પણ દોષિત બનેલ હોવાથી ગોચરીમાં પણ શુદ્ધિ રાખવા પ્રત્યે બેદરકારી આવી શકે છે.

વસ્તુસ્થિત્યા તો દોષિત પાણીથી પૂતિદોષ થાય છે. એમ માન્યા વિના છૂટકો નથી. છતાં વ્યવહારમાં ગોચરીશુદ્ધિ જાળવ્યાથી આપણે નિર્દોષ ગોચરી કહીએ છીએ, અને તે આપેક્ષિક વિધાન હોય છે. અશક્યપરિહાર દોષની આલોચનાદિથી શુદ્ધિ કરી લેવાય એટલે તે આપેક્ષિક નિર્દોષ ગોચરી પણ તાત્ત્વિક સંપૂર્ણ નિર્દોષ ગોચરીની તુલ્ય બને છે. આ રીતે સૂક્ષ્મ દૃષ્ટિથી સમજવું જોઈએ.

દાળની સ્થાપનામાં પ્રાયઃ આધાકર્મી વગેરે દોષો પણ આવી જતા હોય છે. એક તપેલી દાળનું બાફેલું દ્રવ્ય એક વાટકી જેટલું જ હોય છે. તેથી કેવળ સ્થાપનાદોષવાનું દ્રવ્ય દુર્લભ છે. છતાં

આ બાબતમાં જેમના નિશ્રાદાતાને જે રીતે ગુરુ-લાઘવ પ્રતીત થતું હોય- તે રીતે તેમની આજ્ઞાનુસાર કરવામાં આરાધકતા છે.

**પ્ર.૫ વિપરીત માન્યતા = મિથ્યાત્વ.**

**બળદેવ મૃત્યુ પામેલા વાસુદેવને પણ જીવંત માને. એટલે કે અજીવને જીવ રૂપે માને તો તે તેનું મિથ્યાત્વ ગણાય ?**

ઉત્તર : બળદેવ વાસુદેવના મડદાંને જીવંત માને તે વિપરીત માન્યતા લેવા છતાં 'સ્વજન હજી જીવે છે' - એવી માન્યતા-સ્વરૂપ છે. 'પરમાત્માએ જેને અજીવ કહ્યું, તે જીવ છે' એવી માન્યતા-સ્વરૂપ નથી, માટે તે મિથ્યાત્વ જ છે એવું ન કહી શકાય. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રતિપાતી હોવાથી જો રાગાદિના અતિરેક થી શ્રદ્ધા પણ ચલિત થાય, તો તે સમયગાળો મિથ્યાત્વનો હોઈ શકે.

**પ્ર.૬ દેવપિંડ એટલે શું ? માણભદ્ર કે ઘંટાકર્ણને ધરાવેલી સુખડીને ગૃહસ્થો ઘરે લઈ ગયા હો તો તે સુખડી સાધુ-સાધ્વીજીને કલ્પે ?**

ઉત્તર : દેવો વહોરાવે તે દેવપિંડ : નિશીથસૂત્રમાં વિહારમાં તરસ્યા પૂજ્યો માટે દેવ ગોકુલ વિકુર્વે છે. છાશ વગેરે વહોરાવે છે. તેનું વર્ણન છે. પૂ. વજસ્વામીની કથામાં પૂર્વભવના સંબંધી દેવો ઘેબર આદિની વિનંતિ કરે છે. પૂજ્યશ્રી વહોરતા નથી - તે દેવપિંડ છે. માણિભદ્રવીર આદિની સુખડી તેનો વિષય બનતી નથી.

**પ્ર.૭ આભિનિવેશિક મિથ્યાત્વ સમ્યક્ત્વને જ આવે કે અન્ય કોઈને પણ આવી શકે ? કેમ કે દૃષ્ટાંત તરીકે તો જમાલી, ગોષમાહિલ, રોહગુપ્તના નામ જ સંભળાય છે.**

ઉત્તર : આભિગ્રહીક મિથ્યાત્વમાં - કુદષ્ટિમાં દીક્ષિત દીર્ઘ સંસારી આત્માઓને લીધા છે. આભિનિવેષિકમાં નિષ્ઠાપ્રવચનમાં રહેલા કદાગ્રહથી ઉત્સૂત્ર ન છોડનાર આત્માઓને લીધા છે. કદાગ્રહ બંને પક્ષે હોવા છતાં સિદ્ધાન્તપરિભાષાથી ભેદ સમજવો.

**પ્ર.૮ મતિજ્ઞાન અને ચક્ષુ : અચક્ષુદર્શનમાં શું ભેદ ? કે કે મતિજ્ઞાનનાં**

**ભેદમાં જે વ્યંજનવગ્રહ - અર્થાવગ્રહ આવે છે તે પણ સાવ જ સામાન્ય બોધ રૂપ છે.**

ઉત્તર : મતિજ્ઞાનના ભેદ-સ્વરૂપ વ્યંજનાવગ્રહાદિમાં જે સામાન્ય બોધ થાય, તે આગળના ભેદોની સ્પષ્ટતાની તુલનામાં સામાન્ય ગણવા, બાકી કેવલિદષ્ટ ચક્ષુદર્શન અચક્ષુદર્શનની તુલનામાં તે વિશેષ બોધિસ્વરૂપ હોય છે. વિશેષ બોધ-સ્વરૂપ જ્ઞાનના પ્રકાર-ભૂત હોવાથી તેમને સામાન્ય બોધ-સ્વરૂપ કહ્યા નથી. આ બાબતમાં સર્વજ્ઞની દૃષ્ટિ જ પ્રમાણ છે.

**પ્ર.૯ ચક્ષુ-અચક્ષુદર્શનાવરણીય અને આશાતા વેદનીયમાં શું ભેદ ?**

ઉત્તર : ચક્ષુ-અચક્ષુદર્શનાવરણીય કર્મ તે તે દર્શનમાં પ્રતિબંધક બને છે - અશાતાવેદનીય કર્મ દુઃખ-સંવેદન કરાવે છે. આ રીતે બંનેનો વિષય જુદો છે. અદર્શન અને દુઃખ આ બંને વસ્તુ જુદી જુદી છે.

**પ્ર.૧૦ દર્શનાવરણ કર્મ દ્વારપાળ જેવું અને અંતરાયકર્મ ખજાનચી જેવું, આમા મુખ્ય શું ફરક ?**

ઉત્તર : પ્રતિહારી - રાજદર્શનમાં અવરોધક બને છે. ખજાનચી-લાભમાં અવરોધક બને છે, આ રીતે ભેદ સમજવો.

**પ્ર.૧૧ દ્રવ્યાયુષ્ય કર્મના દલિકને ઉંડા શ્વાસોચ્છવાસ દ્વારા ખેંચી શકાય ? આ રીતે કાળાયુ વધારી શકાય ? 'શ્વાસોચ્છ્વાસના આધારે આયુષ્ય હોય'' આ વાત જિનશાસનને માન્ય છે ?**

ઉત્તર : આયુષ્ય એક ક્ષણ જેટલું પણ વધારવું શક્ય નથી. સાત શ્વાસોચ્છવાસ પ્રમાણ - સ્તોક... વગેરે સમય-માપ બતાવ્યા છે. તે નીરોગી વ્યક્તિની અપેક્ષાએ કહ્યા છે. લોક પ્રસિદ્ધ સમયગાળાથી સિદ્ધાન્ત પરિભાષાને સમજવાના સાધનસ્વરૂપ તે સમજવા. બાકી શ્વાસોચ્છ્વાસની સંખ્યા અને આયુષ્યને કોઈ સંબંધ નથી.

**પ્ર.૧૨** ગણધર ભગવંતને અવધિ અને મનઃપર્યવજ્ઞાન દીક્ષા વખતે જ થાય ?

ઉત્તર : પૂ. ગણધર ભગવંતો ચાર જ્ઞાની હોય છે. પણ ચરિત્રોમાં

જ્ઞાનોત્પત્તિનો સમય બતાવ્યો નથી. તેથી દીક્ષા વખતે કે ત્યાર બાદ જ્ઞાનોત્પત્તિ સંભવે. એવું જણાય છે.

**પ્ર.૧૩ આયુષ્યકર્મનો રસ તીવ્ર અને મંદ કઈ રીતે ?**

ઉત્તર : તીવ્ર રસથી નિરૂપક્રમ, મંદ રસથી સોપક્રમ આયુષ્ય બંધાય છે.

**પ્ર.૧૪ અંતરાયકર્મ ઘાતિ કઈ રીતે ? તેનાં બધા દૃષ્ટાંતો તો બાહ્ય પદાર્થો સંબંધી આવે છે.**

ઉત્તર : અંતરાયના ક્ષયથી પ્રગટતો આત્મપરિણામ ક્ષાયિક હોય છે, સહજ પારિણામિક હોય છે. વીતરાગ પરમાત્મા (કેવળજ્ઞાન) ને **द्वितस्स. विग्धं न संभवद् -** આ શબ્દોથી અંતરાયક્ષયનું ફળ બતાવેલ છે. તે આત્મપરિણામનો ઘાત કરનાર હોવાથી અંતરાય ઘાતિ કર્મ છે.

વસ્તુતઃ આમાં મુખ્ય કારણ સિદ્ધાન્તપરિભાષા છે. બાકી, નામ કર્મ વગેરે પણ આત્માના અગુરુલઘુપરિણામ વગેરે નો ઘાત કરતાં હોવાથી વ્યુત્પત્તિ-દૃષ્ટિએ ઘાતિ ઠરી શકે છે.

**પ્ર.૧૫ સંઘયણ નામકર્મ અને વીર્યાન્તરાય કર્મનાં (દ્રવ્યવીર્ય-શક્તિ) ક્ષયોપશમમાં શું ફરક ?**

ઉત્તર : સંઘયણનો સંબંધ હાડકાના બાંધા સાથે હોવાથી શક્તિ સાથે કથંચિત્ ભેદ ઘટી શકે છે. જેમ છટ્ઠા સંઘયણમાં પણ કોઈ વ્યક્તિ શક્તિશાળી હોઈ શકે. તેમ હાડકાના બાંધાની દૃષ્ટિએ પહેલા સંઘયણવાળી વ્યક્તિ શક્તિહીન પણ ઘટી શકે છે. જેમ અનંતાનુબંધી કષાય સંજ્વલના જેવો પણ હોઈ શકે છે. એ રીતે ૪ * ૪ = ૧૬. ૧૬ * ૪ કષાય = ૬૪ ભેદ બતાવેલ છે. આ રીતે સંઘયણ નામ કર્મ અને વીર્યાંતરાયનો ભેદ ઘટી શકે છે.

**પ્ર.૧૬** પ્રથમ સમયે જીવે આહારગ્રહણ કર્યો તે કઈ શક્તિથી ? કારણ કે આહાર પર્યાપ્તિ તો રસ અને ખલરૂપે પરિણમન કરશે.

ઉત્તર : જીવશક્તિથી જ આહાર ગ્રહણ થશે. **ठात्थि केइ उच्चारे वा पासवणे वा -** એ વચનથી ગર્ભમાં ખલનિર્માણ હોતું નથી. જે તે આહાર-

પુદ્ગલ શરીરાદિ નિર્માણમાં ઉપયોગી થશે. આદિથી ઈન્દ્રિયો લેવી.

**પ્ર.૧૭ મનુષ્ય જ્યારે વૈક્રિય કે આહારક શરીર બનાવે ત્યારે 'બે શરીર શરીર' કે પછી એકનાં નાશમાં બીજું પ્રગટ થાય ?**

**દા.ત. વિષ્ણુમુનિ ૧ લાખ યોજન ઉંચુ શરીર બનાવ્યું ત્યારે તે જ શરીર મોટું થયું હતું. તે સમયે કયો કાયયોગ ?**

**જો વૈક્રિય મિશ્ર કાયયોગ માનીએ તો, વૈક્રિય કયું ? તૈજસ, કાર્મણ, ઔદારિક.**

**જો ઔદારિક હોય તો ૧૫ બંધનમાં તે આવતું નથી. વૈક્રિય-ઔદાયિક બંધન નામકર્મ - આવું તો ૧૫ બંધનમાં આવતું જ નથી અને જો ઔદારિક ન હોય તો તે જાય ક્યાં ?**

ઉત્તર : ઔદારિક શરીર યથાવત્ રહે અને જુદું ઉત્તરવૈક્રિય શરીર બનાવે. તે શરીર પુરું બને નહીં ત્યાં સુધી વૈક્રિય મિશ્ર કાયયોગ છે. બની ગયા પછી વૈક્રિય કાયયોગ છે. ભવધારણીય સહજ વૈક્રિય દેવ-નારકને જ હોય છે. તેઓ અને બીજા પણ ઉત્તર વૈક્રિય શરીર બનાવે તે મૂળ શરીરથી જુદુ હોય છે. **संग्वेज्जाइं जोयणाइं दंडं ठिसिरइ** એ વચનથી તે શરીરમાં પોતાના આત્મપ્રદેશો હોય, તે નક્કી છે.

**પ્ર.૧૮ દેવો જે સાપ-વીંછી-હાથી વગેરે વિકુર્વે તો તે બધા સજીવ કે અજીવ. દા.ત. પ્રભુવીર પર થયેલા સંગમના ઉપસર્ગો.**

**હવે જો સજીવ - તો તેમાં આત્મપ્રદેશ પોતાનાં હોય કે અન્યનાં ? ટુંકમાં એ હકીકતમાં ચેતનવંત હોય કે બધુ દૈવી માયા માત્ર હોય ?**

ઉત્તર : જીવાભિગમ - પ્રતિપત્તિ ૩ - ઉદ્દેશો ૨, સૂત્ર - ૨૧૭, **संबद्धाइं पि असंबद्धाइं पि - आत्मनि समवेतानि । आत्मप्रदेशेभ्यः पृथग्भूतानि** - આ રીતે પાઠ છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની વિકુર્વણા-સંબંધી આ વિશેષણો છે. - આત્મપ્રદેશથી અસંબદ્ધ વિકુર્વણામાં

પ્રાસાદ, ઘટ, પટ ના ઉદાહરણ ટીકામાં આપેલા છે. જે પણ વિકુર્વણા આત્મપ્રદેશસંબંદ્ધ હોય, ત્યાં તે દેવના પોતાના જ આત્મપ્રદેશ સમજવાના છે. અચેતન વિકુર્વણામાં પણ દિવ્ય શક્તિથી ગત્યાદિ પરિણામ આપાદિત કરી શકાય છે.

**પ્ર.૧૯ બાહુબલીજીને મનમાં શંકા કેમ પડી કે, મારે નાનાભાઈઓને વંદન કરવા પડશે, શું તેઓ ''દીક્ષિત મોટાભાઈ નાનાભાઈને વંદન ન કરે.'' આ નિયમને જાણતાં નહોતાં ?**

ઉત્તર : બાહુબલિએ ભ્રાન્તિથી એવો વિચાર કર્યો, એવી વાત ચરિત્રોમાં આવતી નથી. માટે નિયમનો તેમને ખ્યાલ હોવો જોઈએ. 'અહં' ની અપેક્ષાએ તેઓ ખોટા હતા. સિદ્ધાન્તજ્ઞાનની બાબતમાં સાચા હતાં એવું જણાઈ આવે છે. તેથી યથારાન્તિક માંડલી આદિ વ્યવસ્થા અનુસારે નાના ભાઈઓથી પોતે પાછળ રહેવું પડે- એ અપેક્ષાએ 'વંદન કરવી પડશે.' - આની સંગતિ થઈ શકે - અથવા બહુશ્રુતો કહે તે પ્રમાણ.

બીજી વાત, આપણે જેણે વંદન કહીએ છીએ તેને આગમપરિભાષામાં કૃતિકર્મ કહેવાય છે. સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં - વંદન તે કરયોજન કહીએ, નમન તે સીસ નમાવે.

દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભક્તિ દેખાડે.

આ રીતે વંદનનો અર્થ હાથ જોડવા- આ રીતે કરેલ છે. તે દૃષ્ટિએ બાહુબલિજી સાચા હતા. કેવળી બન્યા પછી હાથ જોડવાના પણ રહેતા નથી.

**પ્ર.૨૦ પ્રભુવીરનું ગર્ભસંક્રમણ કાર્ય ઈન્દ્રએ પોતે કેમ ન કર્યું ? જેમ મેરુપર્વત પર લઈ જતી વખતે પોતે જ પાંચ રૂપ કરવા દ્વારા બધો લાભ લીધો. તેવું અહીં કેમ નહિ ? હરિણૈગમેષી કેમ ?**

ઉત્તર : સર્વશ્રેયોઽર્થા ઈન્દ્ર પંચરૂપ કરી પ્રભુને મેરુ પર્વત પર લાવે છે. તેવી વાત કહી છે. તેમાં ઘણા કારણ છે. ગૌરવયુક્ત કાર્ય, તેવા પ્રકારનો

કલ્પ, શાશ્વત આચાર વગેરે... બાકી અભિષેક જળ વગેરે પણ અચ્યુતેન્દ્ર આભિયોગિક દેવો દ્વારા મંગાવે છે. કળશો પણ તેમના દ્વારા રચાવે છે. શક્રાજ્ઞાથી કુબેરની આજ્ઞા પામીને તિર્યંચજૃંભક દેવો ઉચ્છિન્નસ્વામિક નિધિઓનું સંહરણ રાજમહેલમાં કરે છે. બધુ સ્વયં કરવાની ઈન્દ્રની શક્તિ છે. પણ પછી સેવક દેવો પ્રેક્ષકમાત્ર રહે અને સ્વામીનું ગૌરવ ન રહે, તે પણ કારણ જણાય છે.

**પ્ર.૨૧ જયવીયરાય સૂત્રમાં ૧૩ પ્રાર્થના.. તેમાં (૧) ભવનિર્વેદ (૨) માર્ગાનુસારિતા (૩) લોગવિરુદ્ધત્યાગ (૪) શુભગુરુયોગ આવી અમુક-અમુક બાબત તો મળી જ ગઈ છે. તો પછી પ્રાર્થના તો પ્રાપ્તવિષયક ન જ હોય, અપ્રાપ્તવસ્તુ વિષયક જ હોય, તો અહીં શું સમજવું ?**

ઉત્તર : ભવનિર્વેદાદિ ઉચ્ચતર કક્ષાના મળે અને મોક્ષ સુધી દરેક ભવે મળે એ પણ પ્રાર્થના સૂત્રનો આશય છે.

**પ્ર.૨૨ લંઘન શા માટે ? એનો અર્થ શું ? નક્કી કોણ કરે ? દરેક ચોવીશીમાં આ ફિક્સ જ હોય ? ૨૦ વિહરમાનનાં લંઘન કયા ?**

ઉત્તર : લાંછન એ તીર્થંકરોના શરીરના શાશ્વત ઓળખ છે. અર્થો બેસાડી શકાય, પણ શાસ્ત્રોમાં દેખાતા ન હોવાથી ન બેસાડવા સારા છે. દરેક ચોવીશીના નિયત લાંછનો છે. ઉત્સર્પિણીના ચોવીશીમાં ઉત્ક્રમથી હોય છે. વીશ વિહરમાન પ્રભુના લાંછન ચોવીશીમાંથી અનિયતપણે જુદાં જુદાં લાંછન હોય છે. તે સિવાયના પણ (પ્રતિમામાં) જોવાની સ્મૃતિ છે.

**પ્ર.૨૩ પ્રભુવીરે સાંવત્સરીક દાન કર્યું. તો તેનાં રોજના ફિક્સ ૧ કરોડ ૪ લાખ નું જ દાન કેમ ? શું ક્યારેય વધઘટ ન થાય ? વહેલું પતી જાય તો દાન બંધ ? છેક છેલ્લા દિવસે પણ ફિક્સ રેટ ? વધારે નહિ ? અને વાર્ષિકદાનમાં પણ શુ સોનૈયા જ આપે કે અન્ય પણ કાંઈ આપે ?**

ઉત્તર : અષ્ટક પ્રકરણમાં પૂ. હરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે -

**महादानं हि सङ्ख्याव-दर्श्यभावाज्जद्गुरोः ।**
**सिद्धं वरवरिकात-स्तस्याः सूत्रे विधानतः ॥२६-५॥**

જગદ્ગુરુનું મહાદાન અસંખ્ય નહીં પણ સંખ્યાવાળું હોય છે. તેનું કારણ છે યાચકનો અભાવ. બાકી આપવામાં મર્યાદા નથી હોતી. તે વસ્તુ તો 'વરવરિકા'થી સિદ્ધ છે. વરવરિકાનું વિધાન આગમમાં છે જ.

**वरवरिया घोसिज्जइ किमिच्छियं दिज्जए बहुविहीयं ।**
**सुर-असुर-देव-दाणव-नरिंदमहियाण निक्खमणे त्ति ॥**
**- आवश्यकनिर्युक्ति ॥२१९॥**

જેને જે જોઈએ એ તેને વરી શકે. પામી શકે એની ઘોષણા કરાય છે. 'તમે શું ઈચ્છો છો ?' એમ કહીને જે ઈચ્છે તે ઘણા પ્રકારનું આપવામાં આવે છે. સુરાસુર દેવદાવન-રાજાઓ વડે પૂજિત તીર્થંકરોની દીક્ષા નિમિત્તે આવું દાન અપાય છે.

કલ્પસૂત્રટીકામાં ઘોડા, ભારે વસ્ત્રો-આભૂષણ વગેરેના દાનનું વર્ણન મળે છે.

સોનામહોરો સિવાય પણ ઘણું દાન અપાય છે. અને સોનામહોરોની નિયત સંખ્યા સહજ શાશ્વત વ્યવસ્થા, લોકોની સંતુષ્ટિ, યાચકોની મર્યાદિતતા- આ કારણોથી છે- તેવું જણાય છે.

**પ્ર.૨૪ ૫૬ અંતદ્વીપનું અવસ્થાન કેવી રીતે છે ?**

**લવણસમુદ્રમાં ૮ દાઢા, આકારે ભૂમિપ્રદેશ, તે દરેકે દરેક ભૂમિ પ્રદેશમાં ૭-૭ અંતદ્વીપ. તો અહીં દાઢા આકારનો ભૂપ્રદેશ છે તો પછી એ જ ભૂમિ પર પાછી બીજી ભૂમિ (અંતદ્વીપ) કઈ રીતે ? જેની ચારે બાજુ પાણી હોય તેવાં વચ્ચે રહેલા ભૂપ્રદેશને દ્વીપ કહેવાય. અહીં તો જમીન (દાઢા) ઉપર જ જમીન (અંતદ્વીપ) છે તો પછી તેને દ્વીપ કેવી રીતે કહેવાય ? વળી ૧ અને ૨ અંતદ્વીપ**

**વચ્ચેની ભૂમિ એ શું ગણાય ? અંતર્દ્વીપ કે અન્ય કાંઈ ?**

**વળી ત્યાં પણ કલ્પવૃક્ષો છે અને યુગલિકો છે તો તેને પણ અકર્મભૂમિ કહેવી જોઈએ ને ? અકર્મભૂમિમાં તેની ગણના શા માટે નહિ ?**

ઉત્તર : જીવાભિગમ આગમ - ત્રીજી પ્રતિપત્તિમાં કહ્યું છે -

**एगोरुयदीवस्स उत्तरपुरच्छिमिल्लाओ चरिमंताओ लवणसमुद्दं चत्तारि जोयणसयाइं उग्गाहित्ता एत्थं णं दाहिणिल्लाणं हयकन्नमणुस्साणं हयकन्नदीवे नामं दीवे पण्णत्ते ।**

આ સૂત્રથી એકોરુક દ્વીપ પૂરો થાય, તે પછી લવણસમુદ્રમાં ચારસો યોજન આગળ જતા હયકર્ણ દ્વીપ આવે તેમ સિદ્ધ થાય છે. આ રીતે સર્વ અંતર્દ્વીપની બાબતમાં સમજવા યોગ્ય છે. ચિત્રથી ભ્રાન્તિ થાય છે, પણ સૂત્ર સ્પષ્ટ છે. અકર્મભૂમિ તરીકે ન ગણવામાં વિવક્ષાભેદનું કારણ જણાય છે.

**પ્ર.૨૫ ''પ્રભુવીરના સત્યાવીશ ભવ થયા એમ જે કહેવાય છે. તેમાં મુખ્ય-મુખ્ય ભવોની જ ગણતરી છે. બાકી તો, વચ્ચે-વચ્ચે ગૌણ ભવો તો અનેક થયા છે.'' તો, અહીં મુખ્યભવ અને ગૌણભવનો નિયામક કોણ ? શું સિંહનો ભવ મુખ્ય ગણાય ? નરક અને દેવલોકમાં ગયા તે ભવ મુખ્ય ગણાય ?**

ઉત્તર : ભવ સત્તાવીશ સ્થૂળમાં છે - આ પંચકલ્યાણક સ્તવનના વચનથી પંચેન્દ્રિયપણાના સ્થૂળ ભવોની ગણતરી છે. એકેન્દ્રિયાદિ ભવોની ગણતરી કરી નથી.

**પ્ર.૨૬** પિંડનિર્યુક્તિમાં પાઠ આવે છે, ''**यो यस्मादविरतः स तदकुर्वन्नपि परमार्थतः कुर्वन्नेवाऽवसेयो ।**'' સાદી ભાષામાં... 'પાપ ભલે ન કરો છતાંય પાપત્યાગનો નિયમ ન લો એટલે તેનું પાપ તો લાગ્યા જ કરે.'' (અવિરતિ) તો હું સાધુ = સર્વવિરત.. હવે હું મીઠાઈ-ફરસાણ, સૂકો મેવો, ફળાદિની બાધા લેતો નથી. તો શું મને તેના

ભક્ષણનું અવિરતિજન્ય પાપ લાગ્યા જ કરે. કેમ કે નિયમ ન હોવાને લીધે શક્યતા તો ઉભી જ છે.

જો તેનાં ભક્ષણનું અવિરતિ જન્ય પાપ લાગતું હોય તો, મેં સર્વવિરતિ લીધી હોવા છતાંય હું દેશવિરત બની ગયો કહેવાઉં. પંચમહાવ્રત લેવા દ્વારા વિરત અને મીઠાઈ આદિનો નિયમ પૂર્વક ત્યાગ ન કરવાનાં લીધે અવિરત અને આમ વિરત અને અવિરત = હું દેશવિરત..

આવું માનવું પડશે.. શું સમજવું ?..

અને વળી જો સર્વવિરત વ્યક્તિ પણ તે-તે નામભેદ પૂર્વક બાધા ન લે અને તેનું પાપ લાગતું હોય તો તો પછી માત્ર ભોજન વિષયક જ અવિરતિ શા માટે ગણવાની ? બધી જ અવિરતિ ગણવાની.

જેમ કે, (૧) મારે ૨૫ લાખથી મોંઘા ઉપાશ્રયમાં ન રહેવું.

(૨) ૫ રૂા.થી વધુ મોંઘી પેન ન વાપરવી.

(૩) ૪૦ રૂા.થી વધુ મોંઘી નોટ ન વાપરવી.

આવા તો બધા જ નિયમો લેવાં પડશે. અન્યથા આનાથી અધિક મોંઘી વસ્તુઓનો ઉપભોગની શક્યતા હોવાથી અવિરતિજન્ય પાપ લાગવાની આપત્તિ આવશે.

In short આ વિરતિ અને અવિરતિ ની પાછળ ઐદમ્પર્યાર્થ શું છે ? (૧) શું તે પાપ ગૃહસ્થવિષયક છે ?

(૨) શું તે પાપ માત્ર વ્યવહારનયાધારિત છે ?

ઉત્તર : અવિરતિજન્ય પાપનો વ્યવહાર સર્વવિરતિમાં થતો નથી. જે રીતે ગૃહસ્થને ચૂલા ધારવાના હોય છે, તેમ સાધુને હોતું નથી. નિર્દોષ ગોચરીચર્યાથી ચૂલા ધારવાથી અપેક્ષિત ગુણ કરતા અનેકગણો ગુણ થઈ જાય છે. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું, નિર્દોષ ગોચરી વાપરવાથી શ્રમણ ઉપવાસતુલ્ય લાભ મેળવે છે. દ્રવ્યાદિ અભિગ્રહો લેવાથી

ઉત્તરગુણની આરાધના થાય છે. તે કર્તવ્ય પણ છે. પણ ગૃહસ્થની જેમ સાધુને અવિરતિજન્ય દોષ લાગતો નથી. સર્વસાવદ્યની વિરતિમાં હકીકતમાં તે બધી વિરતિ પણ તાત્ત્વિક દૃષ્ટિએ આવી ગઈ છે.

આ જ રીતે સર્વવિરત માટે આગમોએ વસ્ત્રાદિનું જે મૂલ્યનિયમન કરેલું છે. દીક્ષા સાથે તેનું પણ પચ્ચક્ખાણ ભાવથી થયેલું જ સમજવું. પૃથક્ તે તે નિયમો લેવાના નથી હોતા, તેમાં જે પણ ભંગ થાય તેનું પ્રાયશ્ચિત્ત આવે જ છે. જેમ કે લાખ રૂપિયાનું પાત્ર વાપરતા પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે છે.

સર્વવિરતિના નિયમ સાથે જ યાત્રામાત્રાર્થ આહારાદિ સિવાયના સર્વ આહારાદિના પચ્ચક્ખાણ આવી જાય છે. આમાં જ્યાં ભંગ થશે, તેનું પ્રાયશ્ચિત્ત આવશે. પણ અલગથી નિયમ લેવાનો હોતો નથી.

**પ્ર.૨૭ સૂતક એ શું છે ? એ માનવાની આવશ્યકતા શું છે ? અમુક ચોક્કસ સમયનું નિયંત્રણ શેનાં આધારે ? જન્મ-મરણ થવાથી એવું તો શું થાય કે જેથી સૂતક લાગે ? અન્યથા તો મોટી માંદગી અને લગ્નાદિમાં પણ સૂતક માનવું જોઈએ ને ?**

ઉત્તર : સૂતક વિષે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે -

**जे जहि दुगुंछिया खलु पव्वावणवसहिभत्तपाणेसु ।**
**जिणवयणे पडिकुट्ठा वज्जेयव्वा पयत्तेण ॥७०१॥**

દીક્ષાદાન, વસતિ, ભાત-પાણીમાં જેઓ લોકોમાં જુગુપ્સિત છે, તેમની સાથે તે તે વસ્તુનો જિનવચનમાં નિષેધ છે. તેમનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ.

ટીકા - **भक्तपानग्रहणेषु जुगुप्सितानि सूतकगृहाणि ।**

ગોચરી-પાણી લેવા બાબતમાં સૂતકવાળા ઘરો જુગુપ્સિત છે.

'સૂતક' ના પરિહારનું કારણ પ્રસિદ્ધ લોકમાન્યતા અને તેની વિરુદ્ધ વર્તવાથી થતી શાસનઅપભ્રાજના છે. જે ગામમાં બ્રાહ્મણાદિ

જેટલા દિવસ સૂતકરૂપે ગણતા હોય તે તે ઘરેથી ભિક્ષા ન લેતા હોય, તેટલા દિવસ સાધુએ પણ 'સૂતક' - ઘરનો ત્યાગ કરવો. આવી શાસ્ત્રાજ્ઞા છે. લગ્નાદિમાં સૂતકનો વ્યવહાર લોકોમાં નથી. માટે જિનશાસનમાં પણ નથી.

**પ્ર.૨૮ આદ્રા નક્ષત્ર પહેલા ગડગડાટ, વીજળી, છાંટા પડે તો ૧-૨-૩ પ્રહરની અસજ્ઝાય ગણાય. આનું કારણ શું ? અને આવા સમય નો નિયામક કોણ ?**

ઉત્તર : અકાળ મેઘગર્જના આદિમાં સ્વાધ્યાય કરતાં પ્રાન્તદેવતા (દુષ્ટ દેવતા) છળી જાય વગેરે અપાયો થાય, એવું કેવળજ્ઞાનમાં પ્રભુએ જોયું છે. તે તે સમયનું નિયમન પણ જોયું છે. આગમમાં એના ભંગથી નુકશાનો થાય, એને વારવા સમ્યગ્દૃષ્ટિ દેવતા સાધુનું ધ્યાન દોરે એવું ઉદાહરણ પણ છે. આ બાબતોમાં જિનાજ્ઞા જ નિયામક છે.

**પ્ર.૨૯ જેને શય્યાતર કર્યા હોય તો વ્યક્તિના પૈસા આયંબિલખાતામાં / પાણીની તિથિમાં હોય તો એ ીતય કરીએ તો દોષ ન લાગે ?**

ઉત્તર : શય્યાતરના મૂળ સિદ્ધાન્ત મુજબ મકાનની જેની માલિકી હોય તે શય્યાતર કહેવાય. એ હિસાબે પેઢી/ટ્રસ્ટ શય્યાંતર હોય છે. દાતાઓ તો દાન આપીને છૂટી ગયા હોય છે. છતાં આપણે જેને /તેને શય્યાતર સ્થાપીએ છીએ, તેનું ઘર છોડીએ છીએ તે પરિણામરક્ષા માટે સારું છે. સ્થાપેલા શય્યાતરે થોડું દાન આંબેલ આદિમાં આપ્યું હોય, તો તે બાધક ન ગણાય. સંપૂર્ણ તેમનું હોય તો દોષનું કારણ સમજવું જોઈએ. હકીકતમાં પેઢી + સ્ટાફ + ટ્રસ્ટી આ ત્રણનું વર્જન કરવાથી શય્યાતર સિદ્ધાન્તનું હાર્ટ સચવાય છે. દાન માત્રથી શય્યાતર કરવામાં મૂળ આશય સચવાતો નથી + આખું ગામ શય્યાતર થઈ જવાની સંભાવના રહે છે. + તેમાંથી કોઈ એકને શય્યાતર કરવામાં ઈચ્છા/અનુકૂળતા સિવાય કંઈ નિયામક રહેતું નથી.

**પ્ર.૩૦ ટીકાગ્રંથ કેવી રીતે આત્મસાત્ કરવો ? ટીકામાં ગાથા હું ગોખતી**

**નથી. પદાર્થો જ ફક્ત મોંઢે કરુ છું. ગાથા ગોખવાની જ હશે તો ગોખીશ.**

ઉત્તર : પદાર્થો થાય તે પૂરતું છે. ભણતા-ભણાવતા રહેવાથી અનેક ગ્રંથો આત્મસાત્ થતાં રહે છે.

**પ્ર.૩૧ મારૂં સંસ્કૃત-પ્રાકૃત એકદમ પાક્કુ નથી. થોડું થોડું ચાલે છે. વ્યાખ્યાન વિ. ની જવાબદારીઓ આવે છે. માટે સ્વાધ્યાય માટે રોજ ૩-૪ કલાક જ આપી શકું છું. તો હવે મારે શી રીતે અભ્યાસ કરવો. ગાથા-ટીકા સંસ્કૃત ચરિત્રગ્રંથ-પ્રાકૃતગ્રંથ દ્રવ્યાનુયોગ. બધામાં કોને કોને કેટલો સમય આપું ? અધ્યાત્મગ્રંથમાં કેટલો સમય આપું ? અથવા કેટલા મહીના/વર્ષ આપું.**

ઉત્તર : આચારને પહેલો ક્રમ, અધ્યાત્મ/વૈરાગ્યને બીજો ક્રમ દ્રવ્યાનુયોગને ત્રીજો ક્રમ. આ બધા સાથે દિવસમાં અમુક સમયે-હળવા વાંચનની જરૂર લાગે ત્યારે, ચરિત્ર ગ્રંથ આ રીતે કરી શકાય.

અથવા જે સમયે જે ગ્રંથ ઉપલબ્ધ હોય, સરળતાથી ભણી શકાય હોય, તે ક્રમના આગ્રહ વિના કરી શકાય છે.

મૂળ વિધિમાં દ્વાદશાંગી ભણીને તેનો પ્રતિદિન પાઠ કરવાની વિધિ છે. તે અનુસાર અત્યારે વિદ્યમાન જે શ્રુત છે, તે યથાસંભવ ભણીને પુનઃ પુનઃ ઘૂટવામાં આવે તે ઈચ્છનીય છે.

ઉપમિતિ ભવપ્રપંચ કથા, સંવેગરંગશાળા, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, આ ગ્રંથો વિશેષથી પુનઃ પુનઃ પારાયણ કરવા જેવા છે.

**પ્ર.૩૨ ઘણી જગ્યાએ Blood Camp ચાલે છે, તથા મૃત્યુ પામેલા વ્યક્તિનાં અંગો blood, eyes, heart, લીવર આ બધું દાનમાં અપાતું હોય છે. તો, Jain શ્રાવકથી આવું થઈ શકે ? શા માટે ?**

ઉત્તર : બ્લડ વગેરેના દાનના ફાયદા આંખે ઉડીને વળગે છે. તેથી ધર્મ

તરીકે આ વસ્તુ પ્રસિદ્ધ થતી જાય છે. બીજી બાજુ આ જ બ્લડ વગેરેનો વેપાર પણ મોટે પાયે ચાલે છે. દર્દીની જાણ બહાર એના જે તે અંગોની ચોરી, એની મજબૂરીનો લાભ લઈને એના જે તે અંગોની ખરીદી, કાચા ગર્ભના કે નવજાત બાળકના શરીરનો પાશવી રીતે ઉપયોગ વગેરે આંખો ફાટી જાય તેવા ગેરફાયદાઓ પણ આ જ તંત્ર સાથે સંકળાયેલા હોય છે. આપણે ત્યાં આવશ્યકટીકામાં એલકાક્ષની કથામાં ચક્ષુપ્રત્યારોપણની દેવતાકૃત ઘટના આવે છે, પણ માનવસેવારૂપે આવી વસ્તુ કરવી જોઈએ આવો કોઈ ઉપદેશ આવતો નથી.

શ્રાવક ઘંટી જોડીને રાખે/ગાડું જોડીને રાખે તો સંયુક્ત-અધિકરણ નામનો અતિચાર લાગે. કેમ કે કોઈને માંગવાનું મન થાય, માંગે તો ના ન પાડી શકાય. મન્નજિણાણં - ની ટીકામાં એક વિમલ નામના શ્રાવકની વાત આવે છે. જે બહારગામ જતા રસ્તામાં અન્ય મુસાફરો રસ્તો પૂછે છે, તો જવાબ આપતો નથી. શ્રાવક અધિકરણ-ભીરુ હોય. બીજા જે વિરાધના કરે તેમાં પોતે નિમિત્ત ન બને તે માટે શ્રાવક અત્યંત જાગૃત હોય - આવો આ પદાર્થોનો સાર છે. ઘરના કામ માટે શ્રાવકને છરી રાખવી પડે, પણ પડોશી માંગવા આવે તો શ્રાવક છરી ગોત્યા જ કરે, ગોત્યા જ કરે, એને જાણે છરી મળે જ નહીં. છૂટકા - ની હિંસા તો શ્રાવક હરગીઝ ન કરે, ન છૂટકાની હિંસામાં ય જેનું હૈયું રડતું હોય, એ એ સિવાયની હિંસા શી રીતે કરે ?

વીતરાગસ્તોત્રમાં કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કહે છે -

**अनेडमूका भूयासु - स्ते येषां त्वयि मत्सरः ।**
**शुभोदर्काय वैकल्यमपि पापेसु कर्मसु ॥**

પ્રભુ ! જેમને આપના પર મત્સર છે, તેઓ મૂંગા-બહેરા બની જાઓ, કારણ કે પાપકાર્યોમાં વિકલાંગપણું એ શુભોદયનું કારણ છે.

ભગવતીસૂત્રનો એક પદાર્થ છે - **जागरिया धम्मीणं आहम्मीणं तु सुत्तया सेया। वच्छाहिवभगिणीए अकहिंसु वीरो जयंतीए ॥** ધર્મીનું જાગરણ સારું ને અધર્મીની ઊંઘ સારી. આ રીતે વત્સાધિપ રાજાની બહેન જયંતી શ્રાવિકાને ભગવાન મહાવીરસ્વામીએ પ્રત્યુત્તર આપ્યો હતો.

આ બધાં પદાર્થોનું મંથન કરતા એક વાત તો સ્પષ્ટ થઈ જાય છે, ફક્ત આંખ વગેરે આપવાથી જ એ જીવ પર ઉપકાર થઈ જાય છે એવો એકાંત નથી જ. જો એ અધર્મી છે, તો એ વધુ નુકશાનમાં ય ઉતરી શકે છે. એ નુકશાનનો અર્થ અસંખ્ય વર્ષની નરક પણ હોઈ શકે છે. બીજી વાસ્તવિકતા એ છે કે મોટા ભાગના જીવો અધર્મી જ હોય છે. આ દૃષ્ટિએ બ્લડ વગેરેનું દાન અયોગ્ય ઠરે છે.

બીજી દૃષ્ટિએ - શ્રમણ-શ્રમણીભક્તિ/સાધર્મિકભક્તિ તરીકેનું આ દાન સુયોગ્ય પણ બની શકે છે. પણ પ્રાયઃ આ દાન તેમને પહોંચતું હોતું નથી.ક્યાં પહોંચ્યું તે આપણે જાણી પણ શકતા નથી.

વર્તમાનમાં આવા દાન 'ધર્મ' તરીકે લોકપ્રસિદ્ધ થયા હોવાથી શાસનહીલના ન થાય તે માટે તેનો જાહેરનિષેધ કરવો ઉચિત નથી. વિમલ શ્રાવક એમ નથી કહેતો કે મારા ભગવાને 'કોઈને રસ્તો બતાવવો નહીં' એવું કહ્યું છે. પણ કોઈ શ્રાવક 'માર્ગદિશક'ના યશને ખાટવા ઈચ્છે, તો તે હકીકતમાં નુકશાની કરી રહ્યો છે, તેમ સમજુ શ્રાવક અયોગ્ય દાન કરે નહીં, અને 'ચક્ષુદાતા' વગેરે તરીકેની જાહેરાત પણ ન કરે.

**પ્ર.૩૩ 'ચૌદ રાજલોકમાં અસંખ્યનિગોદનાં ગોળા ઠાંસી-ઠાંસીને ભર્યા છે.' તો અહીં આ ગોળા એટલે શું ? તેની લંબાઈ પહોળાઈ કેટલી ? It means કેટલા area માં કેટલા ગોળા આવે ?**

ઉત્તર : गोला य असंखिज्जा असंखणिगोओ हवइ गोलो ।
इक्किक्कम्मि णिगोए अणंतजीवा मुणेयव्वा ॥

અસંખ્ય ગોળા છે, એક ગોળામાં અસંખ્ય નિગોદ હોય છે અને એક એક નિગોદમાં અનંત જીવો જાણવા.

બૃહત્સંગ્રહણીની આ ગાથાને અનુસારે ગોળો એ કોઈ દ્રવ્યાંતર નથી. અસંખ્ય નિગોદ-શરીરો જ ગોળાકારે ગોઠવાયેલા હોય છે, એવું પ્રતીત થાય છે. જેમ તેલની ધાર એ તેલથી જુદી વસ્તુ નથી. ધારાકારે ગોઠવાયેલું તેલ એ જ તેલની ધાર છે.

તે ગોળાઓની લંબાઈ વગેરે શાસ્ત્રોમાં જોયેલ નથી, તેથી અનિયત માપના ગોળા હશે એવું અનુમાન થાય છે.

**પ્ર.૩૪ 'મન્નહજિણાણં' સૂત્ર ગણધરરચિત છે કે પાછળથી રચાયું છે ? કેમ કે તેમાં જે 'પુત્થયલિહણં' શબ્દ આવે છે તેના આધારે એવું લાગે છે કે દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી નિશ્રામાં જે વલ્લભીવાચના થઈ ત્યારબાદ આ સૂત્ર રચાયું હશે.કેમ કે તે પૂર્વે તો શાસ્ત્રલેખન હતું નહિ. આ અંગે આપનું મંતવ્ય જણાવવા કૃપા કરશોજી.**

ઉત્તર : વલ્લભીવાચનાની પૂર્વે પણ પુસ્તકો/પ્રતો હતાં એવું હીરપ્રશ્નમાં જણાવેલ છે. કંબલ-શંબલની કથામાં જિનદાસ શ્રાવક પુસ્તક વાંચતા હતા એ પણ પ્રસિદ્ધ છે. પૌષધમાં વાંચતા હોવાથી અને વાછરડાં બોધ પામ્યા હોવાથી તે પુસ્તક ધર્મપુસ્તક જ હતું, તે પણ સિદ્ધ થાય છે. તેથી આ મુદ્દાના આધારે આ સૂત્ર ગણધરરચિત ન હોય - એવી શંકા ન કરી શકાય. આવશ્યકસૂત્રોમાં જે સૂત્રોના કર્તા સ્પષ્ટ જણાવ્યા નથી, તે સર્વ સૂત્રો ગણધરરચિત માનવા એવું હીરપ્રશ્નમાં જણાવેલ છે.

**પ્ર.૩૫ શ્રીઆચારાંગજી સૂત્રમાં પ્રથમશ્રુતસ્કંધમાં નવમાં અધ્યયનમાં પ્રથમ ઉદ્દેશાનાં ૪૯માં સૂત્રની શ્રીશીલાંકાચાર્યજી કૃત ટીકામાં પ્રભુવીર પર આવેલા ઉપસર્ગોનું વર્ણન છે. તેમાં લખ્યું છે કે પરમાત્મા કેવા**

**હતા ? दण्डैर्हतपूर्वस्तत्र अनार्यदेशादौ पर्यटन् तथा भूषितपूर्वो-हसितपूर्वः केशलुञ्चनादिभिरपुण्यैः अनार्यैः पापाचारैरिति ॥४९॥**

**તો અહીં પ્રશ્ન એ છે કે પરમાત્માએ દીક્ષાદિને જે પંચમુષ્ટિલોચ કર્યો. ત્યારબાદ ઈન્દ્રએ મસ્તક પર વજ્ર ફેરવ્યું. હવે તો પરમાત્માને માથે વાળ જ નથી. તથા નવા ઉગવાના પણ નથી. તો અહીં ટીકામાં જે 'केशलुञ्चनादिभिः' આ શબ્દ કેમ વાપર્યો છે, તેનો ભાવાર્થ સમજાતો નથી.**

ઉત્તર : 'વાધે નહીં કોઈ કાળ' – આ અતિશય છે. જે કેશાદિના અભાવનો નહીં, પણ તેની વૃદ્ધિના અભાવનો પ્રતિપાદક છે. પ્રભુ લોચ/વ્રજ દ્વારા સંપૂર્ણ કેશરહિત નથી થતા, એવું આ અતિશયનું તાત્પર્ય જણાય છે. શાશ્વતી પ્રતિમાઓ માથાના અને દાઢીના વાળ સહિત હોય છે. (રિષ્ટ રત્નના કાળા કેશ હોય છે.) જો કેશનો સર્વથા અભાવ હોય, તો 'વધે નહીં' – આ અતિશય નિરર્થક થાય. સમવાયાંગસૂત્રમાં **अवट्ठियकेसमंसुनखरोमा** – આ પદથી આ અતિશય બતાવેલ છે.

**પ્ર.૩૬ ગૌતમસ્વામી પોતાનાં ૫૦૦૦૦ કેવલજ્ઞાની શિષ્યોને વંદન કરે ? It means છદ્મસ્થગુરુ પોતાનાં કેવલી શિષ્યને વંદન કરે ?**

ઉત્તર : કેવળજ્ઞાની-સ્વશિષ્યની સેવા લીધા બદલ કે તેમને ઠપકો આપવા બદલ ગુરુ તેમને ખમાવે એવી ઘટના શાસ્ત્રોમાં આવે છે, પણ તેમને વંદન કરે તેવી ઘટના આવતી નથી.

શીતલાચાર્યની ઘટનામાં પોતે રત્નાધિક થઈને કેવળજ્ઞાની બનેલ ભાણેજ મુનિઓને વંદન કરે છે, આવી ઘટના છે. તેથી રત્નાધિક મહાત્મા કેવળી ભગવંતને વંદન કરે, તેમ જણાય છે. ગુરુ વંદન કરે/ન કરે – એવા સ્પષ્ટ અક્ષરો જોયા ન હોવાથી બહુશ્રુત/કેવળી ભગવંત કહે તે પ્રમાણ.